# ‘ગિફ્ટ ડિપ્લોમસી’

## રાજકીય મુત્સદ્દીગીરીમાં ભેટનું મૂલ્ય કેટલું?

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ઈટાલીના વડાં પ્રધાન જ્યોર્જિઆ મેલોનીને ‘મેલોડી’ નામની ચોકલેટ આપી અને ઈન્ટરનેટ પર આ વિડિયો અને વાત ખૂબ વાઈરલ થઈ. આમ તો બે દેશોના વડા કે અન્ય પદાધિકારીઓ મુલાકાત કરે ત્યારે એકબીજાને ગિફ્ટ આપવાનો શિરસ્તો છે અને તે ગિફ્ટથી સંબંધ વધુ મજબૂત બને તેવો એક ખ્યાલ ડિપ્લોમસીની દુનિયામાં વિકસ્યો છે એટલે ‘ગિફ્ટ ડિપ્લોમસી’ નામ કોઈન થયું છે અને તેથી દેશના વડાઓ જ્યારે



એકબીજાને ગિફ્ટ આપે છે ત્યારે તેની ચર્ચા પણ ખૂબ થાય છે. દેશનો વડો હોય એટલે તેણે ઠીક ઠીક દુનિયા જોઈ હોય અને સાથે-સાથે તેની પાસેથી વિવેકની પણ અપેક્ષા સૌ કોઈ રાખતા હોય છે અને એટલે જ્યારે કોઈ અનઅપેક્ષિત ગિફ્ટ અપાય ત્યારે જે-તે વડાના વિવેક-વ્યવહાર પર સવાલ ખડા થાય છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ જ્યારે ઈટાલીના વડા જ્યોર્જિયા

**જોકે એવું પણ નથી કે ભેટ આપવી અને લેવી તેના કોઈ નિયમ નથી. અમેરિકાની જ વાત કરીએ તો અહીં ભેટ લેવા-આપવા અંગેના નિયમો સખ્ત છે. અમેરિકામાં જે કોઈ ભેટ મળે છે તેનું કડક નિરીક્ષણ થાય છે અને ભેટ વિશે જાહેર માહિતી પણ આપવામાં આવે છે**

મેલોનીને મેલોડીની ગિફ્ટ આપી ત્યારે પણ એવું જ બન્યું. તે અંગે વડા પ્રધાન નરેન્દ્ર મોદી પર મિમ બન્યા, કટાક્ષ થયા અને સોશિયલ મીડિયા પર તેઓ ખૂબ ટ્રોલ થયા. ભૂતકાળમાં પણ નરેન્દ્ર મોદી ‘ગિફ્ટ ડિપ્લોમસી’ના કારણે ચર્ચામાં રહ્યા છે; જોકે તે વખતે વિવેકભાન નહોતું ભૂલાયું.

પગરવ
★ પ્રશસ્ત પંડ્યા

હાલમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી પાંચ દેશોની મુલાકાતે ગયા હતા અને તેમણે તમામ દેશના વડાઓને ભેટ આપી હતી; પરંતુ સૌથી વધુ ચર્ચા ઈટાલીના વડાને આપેલી ચોકલેટની રહી. બાકી તેમણે જ્યોર્જિયા મેલોનીને અન્ય ભેટમાં આસામની મોંઘીદાટ મુગા સિલ્ક અને મણિપુરના શિરુઈ લિલિ ફૂલથી પ્રેરીત દુપટ્ટો પણ સમાવિષ્ટ હતો. ઈટાલીના રાષ્ટ્રપતિને પણ આપણા વડા પ્રધાન મળ્યા હતા ત્યારે તેમને આગ્રાના જાણીતા ‘પિટ્રા ડ્યૂરા’ કળાકારી દ્વારા હસ્તનિર્મિત આરસપહાણની એક પેટી, ઉપરાંત આપણા દેશની શાસ્ત્રીય સંગીત વારસો પણ ભેટ આપ્યો હતો. એ રીતે તેમણે નેધરલેન્ડના આગેવાનોમાં રાજા વિલિયમ એલેક્ઝાંડરને જયપુરની જાણીતી પોટરીની ભેટ આપી હતી. નેધરલેન્ડના વડા પ્રધાન રોબ જેટેનને પણ બિહારની મધુબની પેઈન્ટિંગ ગિફ્ટ આપી હતી. મણિપુરના હિંસામાં ભલે વડા પ્રધાનને જવાનો સમય ન મળ્યો હોય, પરંતુ ત્યાંથી આવેલી બે જાણીતી ચીજવસ્તુઓને વડા પ્રધાને આ યુરોપ પ્રવાસ દરમિયાન ગિફ્ટ આપી છે.

ગિફ્ટ ડિપ્લોમસીનું પ્રકરણ ખોલીને જોઈએ તો તેમાં દેશોની સંસ્કૃતિ ઝલક તો દેખાય જ છે; પણ સાથે સાથે દેશના વડાઓની દૃષ્ટિ પણ નજરે ચઢે છે. જેમ કે, ચીન દ્વારા ‘પાન્ડા ડિપ્લોમસી’ થતી આવી છે. ચીનના વડાઓ અનેક દાયકાઓથી પાન્ડા ભેટમાં આપતા રહ્યા છે. તેના ઈતિહાસમાં જઈએ તો તેનો ઉલ્લેખ સાતમી સદીમાં મળે છે - જ્યારે તાન્ગ વંશના મહારાણી વુ ઝેઈટીન[Wu Zetian] દ્વારા જાપાનને પાન્ડાની એક જોડી ભેટ આપવામાં આવી હતી. હાલના વર્ષોનો ઈતિહાસ જોઈએ તો 1941માં ચીન સરકારે અમેરિકાને ડિપ્લોમેટીક ગિફ્ટના નામે બે પાન્ડા મોકલ્યા હતા. ઘટના હતી અમેરિકાનું બીજા વિશ્વયુદ્ધમાં પ્રવેશવું. આશ્ચર્ય થાય પણ બીજા વિશ્વયુદ્ધમાં ચીન અને અમેરિકા એક જૂથમાં મળીને લડી રહ્યા હતા! તે પછી પણ ચીનના મહાન આગેવાન માઓ[Mao Zedong] સમયાંતરે ચીનના કોમ્યુનિસ્ટ મિત્ર દેશો ઉત્તર કોરિયા અને રશિયાને પાન્ડા ભેટ મોકલતા હતા. એક જૂથમાં યુદ્ધ લડનારા ચીન-અમેરિકાના સંબંધો તે પછી મૈત્રીભર્યા ન રહ્યા. આ ગાળો લાંબો રહ્યો. અમેરિકાના રાષ્ટ્રપતિ રિચાર્ડ નિક્સન 1972માં ચીનની મુલાકાત લીધી. અમેરિકાના કોઈ રાષ્ટ્રપતિ 23 વર્ષ પછી ચીન જઈ રહ્યા હતા. તે વખતે ચીનના પ્રમુખ માઓ ઝેડોંગે[Mao Zedong] અમેરિકાના રાષ્ટ્રપતિ નિક્સનને બે પાંડાને અમેરિકન પ્રાણીસંગ્રહાલયમાં આપવાનું વચન આપ્યું હતું. તેના બદલામાં નિક્સને ચીનને કેનેડાનું પ્રાણી મસ્કોક્સ[Muskox] આપ્યું હતું. તે સમયે અખબારોમાં એવી વાતો ચાલતી હતી કે જો ચીને પાન્ડા ભેટમાં આપ્યા છે તો તેનો અર્થ એમ થાય છે કે ચીન અમેરિકા સાથે મૈત્રીભર્યા સંબંધ બાંધવા માંગે છે.

જોકે એવું પણ નથી કે ભેટ આપવી અને લેવી તેના કોઈ નિયમ નથી. અમેરિકાની જ વાત કરીએ તો અહીં ભેટ લેવા-આપવા અંગેના નિયમો સખ્ત છે. અમેરિકામાં જે કોઈ ભેટ મળે છે તેનું કડક નિરીક્ષણ થાય છે અને ભેટ વિશે જાહેર માહિતી પણ આપવામાં આવે છે. જોકે અમેરિકામાં વર્તમાન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ એવી અનેક ભેટ સ્વીકારી છે - જે અમેરિકાના કાયદાથી વિપરીત હોય. સાઉદી અરેબિયાના શાહી પરિવાર દ્વારા ડોનાલ્ડ ટ્રમ્પને જે ભેટ આપવામાં આવી હતી તેમાં વાઘ અને ચિતાની ખાલનો ઉપયોગ થયો હતો. અમેરિકાના કાયદાનું આ ભેટથી ઉલ્લંઘન થતું હતું.

રશિયાના પ્રમુખ બ્લાદિમિર પુતિન પણ આ રીતે ભેટ આપીને પોતાના મૈત્રી સંબંધ પર ખુશી વ્યક્ત કરતા આવ્યા છે. હાલમાં તેમણે મોસ્કોમાં વિજય દિવસની ઊજવણી વેળાએ મલેશિયાના રાજા સુલ્તાન ઈબ્રાહિમ આવ્યા હતા તો તેમને રશિયામાં નિર્મિત ઓરોસ સેનેટ નામની અત્યાધુનિક કાર આપી હતી. બ્લાદિમિર પુતિને આ જ કાર ઉત્તર કોરિયાના કિમ જોંગ ઉનને પણ ભેટ આપી હતી. રશિયા આ કારથી




પુરસ્કૃત કરીને એવો સંદેશ વિશ્વને આપે છે કે આ મિત્રો એ છે જેઓ પ્રતિબંધ અને ટીકાને અવગણીને રશિયા સાથે ગાઢ સંબંધ બરકરાર રાખ્યા છે.

રાજકીય મુત્સદગીરીમાં ભેટની વાત આવે અને તેમાં ભારત-પાકિસ્તાનના સંબંધોની વાત પણ થવી જોઈએ. સામાન્ય રીતે પાકિસ્તાનને કટ્ટર હરીફ તરીકે જોવાય છે. પાકિસ્તાન સાથે હવે દેખીતી રીતે કોઈ પણ સારાં સંબંધ રહ્યા નથી. પરંતુ ડિપ્લોમસીમાં હંમેશા એક આશા રાખવામાં આવે છે. આવી આશા 2014મા જન્મી હતી જ્યારે નરેન્દ્ર મોદી વડા પ્રધાન બન્યા હતા. પ્રથમ વાર જ્યારે નરેન્દ્ર મોદીએ શપથ ગ્રહણ કરી હતી ત્યારે પાકિસ્તાનના તત્કાલિન વડા પ્રધાન નવાઝ શરીફ ભારતની મુલાકાતે આવ્યા હતા. તેમણે મોદીના માતા માટે તે વખતે સાડી મોકલી હતી. તો સામે નરેન્દ્ર મોદીએ નવાઝ શરીફને શાલથી નવાજ્યા હતા. આઝાદી પછી આ બંને દેશોના સંબંધો ગમે તેટલા ખરાબ હોય, પરંતુ ભેટ-સોગાદ આપ-લેનો સિલસિલો વચ્ચે-વચ્ચે ચાલતો રહ્યો છે. પાકિસ્તાનના વડા પ્રધાન ભારતના વડા પ્રધાનને કેરીઓની ટોપલી ભેટમાં મોકલે છે. 2015માં પણ નરેન્દ્ર મોદી માટે નવાઝ શરીફે કેરીઓના બોક્સ મોકલ્યા હતા. નવાઝ શરીફ તે વખતે રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી, પૂર્વ વડા પ્રધાન અટલ બિહારી વાજપેયી અને પૂર્વ વડા પ્રધાન મનમોહનસિંહને પણ કેરી મોકલવાનું ભૂલ્યા નહોતા. જોકે આ ભેટ-સોગાદો છતાં આજે ભારત-પાકિસ્તાનના સંબંધો સામાન્ય રહ્યા નથી. પહેલગામ પછીની ઘટના બાદ તો હવે ભારત-પાકિસ્તાનમાં સંબંધો ખપ પૂરતા રહ્યા છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ભેટ આપવામાં સ્થાનિક કલાકૃતિ અને સાંસ્કૃતિક વારસાને પ્રાધાન્ય આપ્યું છે. જોકે ઈટાલીના વડાં પ્રધાન જ્યોર્જિયા મેલોનીને જે ગિફ્ટ આપી હતી, તેનાથી વિવાદ વકર્યો તેનું એક કારણ દેશનો માહોલ પણ છે. પેટ્રોલ-ડિઝલની તંગી, બેરજોગારી અને તેમાં ‘નીટ’ જેવી એક્ઝાનનું પેપર ફૂટવું પણ દેશમાં એક અંજપો જન્માવ્યો છે. આ સ્થિતિમાં જ્યારે વડા પ્રધાન ખુદ સોનું ન ખરીદવાની, વિદેશ પ્રવાસ નહીં ખેડવાની અને વર્ક ફ્રોમ હોમનું સૂચન કરતા હોય અને પોતે જ આ રીતે ભેટ સોગાદો આપીને તેનો પ્રચાર-પ્રસાર કરતા હોય તો લોકોના ગુસ્સાને કોણ અયોગ્ય ઠેરવી શકે.

હાલમાં વિશ્વના અનેક આગેવાનોની છબી એ રીતે ઊભરી આવે છે કે તેઓને પોતાના દેશની પ્રજાની કોઈ નિસબત નથી. રશિયામાં છેલ્લા ચાર વર્ષથી યુક્રેન સાથેનું યુદ્ધ ચાલી રહ્યું છે. તેમ છતાં રશિયાના આગેવાન બ્લાદિમિર પુતિન તે વિશે વિસ્તૃત રીતે માહિતી આપતા નથી. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પણ ઈરાન સાથેના યુદ્ધને લઈને મીડિયામાં અવારનવાર બફાટ કરે છે.

વિશ્વમાં આજે જે કઈ ડિપ્લોમસી સ્તરે થઈ રહ્યું છે - તેમાં સંબંધો ઝડપથી બદલાય છે અને લોકો સુધી કોઈ સ્પષ્ટ સંદેશ પહોંચતો નથી. આ મહિને જે રીતે ચીનની મુલાકાત ડોનાલ્ડ ટ્રમ્પે લીધી અને તે પછી રશિયાના પ્રમુખ બ્લાદિમિર પુતિને લીધી, તેની તો અટકળો જ લગાવી શકાય. ભેટ-સોગાદો હોય કે પછી રૂબરૂ મુલાકાતો રાજકીય આગેવાનો વિશે અટકળો લગાવી હવે પહેલાં કરતાં પણ વધુ મુશ્કેલ થતી જાય છે.